## ભરૂચ જિલ્લા ‘સેવા સેતુ’માં ૧.૩૮ લાખ અરજીનો નિકાલ

**પડતર** પ્રશ્નોના ત્વરિત ઉકેલ માટે તંત્રને તાકીદ

ભરૂચઃ ભરૂચ કલેક્ટરના અધ્યક્ષસ્થાને જિલ્લા આયોજન ભવન ખાતે ભરૂચ જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી હતી. બેઠકમાં NHAIને રાજપીપલા ચોકડી અને ઝાડેશ્વર સર્વિસ રોડ, અંદાડા-માંડવા વચ્ચે ડામર કામ, અમરાવતી ખાડી બ્રિજ પર નવો બ્રિજ, હાઈવેની મરામતની કામગીરી અને નેશનલ હાઈવેના બ્રિજ નીચેની સાફસફાઈ કરવાનાં મુદ્દે સૂચનો કરવામાં આવ્યાં હતાં.

આ બેઠકના પ્રથમ ભાગમાં ધારાસભ્ય રમેશભાઈ મિસ્ત્રીએ ફરિયાદ નિવારણ અંતર્ગત વિવિધ પડતર પ્રશ્નો રજૂ કર્યા હતા. આરોગ્ય, પાણી, રસ્તા, નેશનલ હાઈવેના બિસ્માર રોડની મરામત અને ભાડભૂત બરેજ પ્રોજેક્ટની સમીક્ષા સહિતના લોકહિતલક્ષી મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સાથે ભાડભૂત બેરેજ યોજનાની કામગીરી, યોજના થકી ગ્રામ્ય, શહેરી અને ઔદ્યોગિક એકમોમાં પાણી સુવિધા, નવ ગામ યોજના, ૧૫થી વધુ ગામોમાં પાણીની લાઈન અને બોક્સ ગટર લાઈન સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. રજૂ થયેલા પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ આવે તે માટે કલેક્ટરે સંબંધિત વિભાગોને જરૂરી કાર્યવાહી કરવા સૂચના આપી હતી. વધુમાં ESIC હોસ્પિટલનો વ્યાપ વધારીને ઔદ્યોગિક કામદારો સુધી તેની સુવિધા પહોંચે તે માટે આયોજન કરવા સાથે ઓન-વ્હીકલની સુવિધા વધારવા જણાવ્યું હતું.

આ તકે કલેક્ટર નવનાથ ગવ્હાણે જણાવ્યું કે, સેવાસેતુ કાર્યક્રમ થકી ગ્રામ્ય વિસ્તારોના ૫૨ સેવાસેતુ કાર્યક્રમોમાં ૧,૧૮,૭૪૭ અરજીનો સંતોષકારક અને હકારાત્મક નિકાલ થયો છે. જ્યારે શહેરી વિસ્તારના ૬ સેવાસેતુ કેમ્પોમાં આવેલી ૧૯,૮૫૩ અરજીનો ૧૦૦% હકારાત્મક ઉકેલ થયો છે.

## ગાંગપોર ગામે કરોડોની જમીન પચાવી પાડનાર ત્રણ સામે ગુનો

**ખેતીની** જમીનનો કબજો ખાલી નહીં કરી ધમકી આપતાં પલસાણા પોલીસમાં ફરિયાદ

**કલેક્ટરની** કમિટીની મંજૂરી બાદ પોલીસે લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી

પલસાણાઃ પલસાણાના ગાંગપોર ગામે આવેલી ખેતીની જૂની શરતની કિંમતી જમીન પચાવી પાડવાના બદઈરાદે ગેરકાયદે કબજો જમાવી બેસી જઈ મૂળ માલિકને ગુનાહિત ધમકીઓ આપવાના પ્રકરણમાં પલસાણા પોલીસે ત્રણ ઈસમ સામે ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ (લેન્ડ ગ્રેબિંગ) કાયદા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર સુરત શહેરના રાંદેર રોડ, પાલનપુર પાટિયાના શંકરનગર ખાતે રહેતા અને નિવૃત્ત જીવન ગુજારતા ૭૫ વર્ષીય મનસુખભાઈ રતનજીભાઈ કરંજીયાએ પલસાણાના ગાંગપોર ગામ ખાતે આવેલી બ્લોક નં.૨૫૪, ૨૫૮ અને ૨૫૯ વાળી ખેતીની જૂની શરતની જમીન વર્ષ-૨૦૧૪માં કડોદરા ખાતે રહેતા મીનાબેન પાસેથી કાયદેસર રૂ.૨૧ લાખ ચેકથી ચૂકવી વેચાણ દસ્તાવેજથી પોતાના તથા પત્ની ઈન્દુબેનના નામે ખરીદી હતી. જેની નોંધ ગામ નમૂના ૬ માં પણ પ્રમાણિત થયેલી છે. દરમિયાન ગત તા.૧/૧૦/૨૦૨૫ના રોજ મનસુખભાઈ પોતાની માલિકીવાળી જમીન પર ખેતીકામ અર્થે ગયા હતા. એ સમયે ગાંગપોર ગામના રેલવે સ્ટેશન પાસે માહ્યાવંશી મહોલ્લામાં રહેતા (૧) નરેશભાઈ ગોપાલભાઈ પરમાર, (૨) વિનોદભાઈ ગોપાલભાઈ પરમાર અને (૩) નટવરભાઈ ગોપાલભાઈ પરમાર ત્યાં દોડી આવ્યા હતા. ત્રણેય જણાએ આ જમીન પર પોતાનો વર્ષોથી હિસ્સો અને કબજો હોવાનો દાવો કર્યો હતો. મનસુખભાઈએ જમીન માલિકીના કોઈ કાયદેસર પુરાવા હોય તો રજૂ કરવા જણાવતા ત્રણેય શખ્સ આજદિન સુધી કોઈ કાગળો રજૂ કરી શક્યા નહોતા.

આટલું જ નહીં ત્રણેય શખ્સોએ મામલતદાર, નાયબ કલેક્ટર અને કલેક્ટર કચેરીમાં જુદાં જુદાં ખોટાં પ્રકરણો ઊભા કરી વૃદ્ધને હેરાન-પરેશાન કરવાનું શરૂ કર્યું હતું. વારંવાર સમજાવવા છતાં જમીનનો કબજો ન સોંપી, ગેરકાયદે કબજો જમાવી રાખી ગુનાહિત ધમકીઓ આપતા હતા.

આખરે કંટાળીને મનસુખભાઈએ સુરત કલેક્ટર સમક્ષ ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ હેઠળ ઓનલાઈન અરજી કરી હતી. જે અરજીની કમિટી દ્વારા ઊંડાણપૂર્વક તપાસ કરાયા બાદ ગુનો બનતો હોવાનો અહેવાલ આવતાં ફરિયાદ દાખલ કરવાનો હુકમ કરાયો હતો. જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરી મારફતે હુકમ મળતાં પલસાણા પોલીસે મનસુખભાઈની ફરિયાદના આધારે નરેશ પરમાર, વિનોદ પરમાર અને નટવર પરમાર વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા/BNSની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ મદદનીશ પોલીસ કમિશનર હિરસિંહ લાલજી રાઠોડે હાથ ધરી છે.

## મોટા માલપોર ગામે ૫૦ વર્ષ જૂનો જાહેર રસ્તો બંધ કરાતાં લોકરોષ

**ગ્રામજનોએ** નેત્રંગ મામલતદારને લેખિત અરજી આપી રસ્તો ખુલ્લો કરાવવાની માંગ કરી


પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગ તાલુકાના મોટા માલપોર ગામે ગામના નકશા પરનો જાહેર રસ્તો કેટલાક ઇસમો દ્વારા બંધ કરી દેવાતાં ગ્રામજનોમાં ભારે રોષ ફેલાયો છે. આ અંગે ગ્રામજનોએ નેત્રંગ મામલતદારને લેખિત અરજી આપી રસ્તો ખુલ્લો કરાવવાની માંગ કરી છે.

ગ્રામજનોની રજૂઆત મુજબ મોટા માલપોર ગામના પ્રવેશદ્વાર બુધિયાભાઈ દેવજીભાઈ જેમના સંયુક્ત માલિકીના સરવે નં.૧૧૯માંથી ગામના નકશા પર જાહેર રસ્તો પસાર થાય છે. પરંતુ કેટલાક ખાનગી જમીન માલિકોએ રસ્તો સાંકડો કરી દેવામાં આવ્યો છે તેમજ પથ્થરો નાંખીને રસ્તો બંધ કરી દેવામાં આવ્યો છે.

આ જાહેર રસ્તો ગામના સ્મશાન અને મોટા માલપોર બસ સ્ટેન્ડ તરફ જવા માટેનો મુખ્ય માર્ગ હોવાથી લોકોને અવરજવરમાં ભારે હાલાકી પડી રહી છે. ગ્રામજનો દ્વારા ખાડા પૂરી રસ્તો સમથળ કરવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે પણ પથ્થરો હટાવી દેવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ કારણે ખેડૂતો અને રાહદારીઓ વચ્ચે વારંવાર ઘર્ષણ સર્જાય છે. ગ્રામજનોએ મામલતદાર કચેરીને પંચાયતની સહી-સિક્કાવાળી નકશાની નકલ સાથે રજૂઆત કરી જાહેર રસ્તો તાત્કાલિક ખુલ્લો કરાવી ન્યાય અપાવવા માંગ કરી છે.

## કુકરમુંડામાં શેરડીનાં નાણાં ન મળતાં ખેડૂતો આર્થિક બેહાલ

**શેરડીના** વજનમાં ગેરરીતિ અટકાવવા બાબતે મામલતદારને લેખિત રજૂઆત



કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાના ખેડૂતોની વિવિધ સમસ્યાઓના તાત્કાલિક નિરાકરણ માટે મામલતદારને આવેદનપત્ર પાઠવી સાત મુખ્ય માંગણીઓ રજૂ કરવામાં આવી છે. ખેડૂતો દ્વારા શેરડીના યોગ્ય ભાવ અને બાકી નાણાંની સમયસર ચૂકવણી, નિયમિત વીજ પુરવઠો તથા ઓછા વરસાદથી થયેલા પાકના નુકસાનનું સર્વેક્ષણ કરવાની માંગ કરવામાં આવી છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ કુકરમુંડા અને નિઝર તાલુકાના ખેડૂતો વર્ષોથી કપાસ, શેરડી સહિતના વિવિધ પાકોનું ઉત્પાદન કરે છે. જોકે, ખેતીના વધતા ખર્ચ, પાકના પોષણક્ષમ ભાવ ન મળવા, શેરડીનાં નાણાંની ચૂકવણીમાં વિલંબ અને વીજ પુરવઠાની સમસ્યાઓને કારણે ખેડૂતોની આર્થિક સ્થિતિ પર અસર પડી રહી છે. આવેદનપત્રમાં જૂના કુકરમુંડા ખાતે આવેલી ગોવર્ધન સુગર ફેક્ટરી, નિંભોરા ગામની સીમમાં આવેલી કેદારેશ્વર સુગર ફેક્ટરી અને મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના તળોદા ખાતે આવેલી કૃષ્ણા સુગર ફેક્ટરીમાં શેરડી આપતા ખેડૂતોના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે. શેરડીના પોષણક્ષમ ભાવ અને બાકી નાણાંની સમયસર ચૂકવણી, શેરડીના વજનમાં ગેરરીતિ અટકાવવા વજનકાંટાની નિયમિત તપાસ, માપાંકન અને ખેડૂતોને વજનની વિગતોવાળી રસીદ આપવાની વ્યવસ્થા કરવાની પણ રજૂઆત કરવામાં આવી છે. કપાસના ખેડૂતોને લાગુ પડતા લઘુત્તમ ટેકાના ભાવ, વેચાયેલા કપાસનાં નાણાં સમયસર ચૂકવવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ચલથાણમાં પ્રેમલગ્ન કરનાર પરિણીતાને સાસરિયાનો ત્રાસ

પલસાણાઃ મૂળ મહારાષ્ટ્રના નંદુરબારના નાંદરખેડે અને હાલ ચલથાણ ખાતે રહેતી ૧૯ વર્ષીય મહિલાએ માર્ચ-૨૦૨૫માં ચલથાણના સાંઈ કોમ્પ્લેક્સમાં રહેતા હરિશ સુદામ પાટીલ સાથે પ્રેમલગ્ન કર્યાં હતા. ત્યારબાદ ફેબ્રુઆરી-૨૦૨૬માં બંને પક્ષે સામાજિક રીતરિવાજ મુજબ પણ લગ્ન કરાવ્યાં હતાં. જોકે, લગ્નના થોડા સમય બાદ પતિ હરિશ કોઈપણ કારણ વગર દિવસો સુધી બહાર રહેતો અને પૂછપરછ કરતાં મારઝૂડ કરતો હતો.

દરમિયાન સાસરી પક્ષના લોકો પરિણીતાને પિયરમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા લાવવા દબાણ કરી મહેણાં-ટોણાં મારી ગાળાગાળી કરતા હતા.

સતત ત્રાસ અને મારપીટથી કંટાળીને પરિણીતાએ સાસરીમાં જ એસિડ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તે સમયે પણ સાસરિયાંએ કોઈને આ બાબતે જાણ કરીશ તો વધુ માર મારીશ તેવી ધમકીઓ આપી હતી.

પરિણીતાનો આક્ષેપ છે કે પતિ હરિશ માત્ર શારીરિક સંબંધ બાંધવો હોય ત્યારે જ પાસે આવતો હતો અને અન્ય સમયે બોલવા જાય તો માર મારતો હતો. સસરા પણ ‘મારી પોલીસમાં ઓળખ છે’ તેમ કહી ધમકાવતા હતા.

અંતે કંટાળેલી પરિણીતા પિયર પહોંચી હતી અને સમગ્ર મામલે કડોદરા જીઆઈડીસી પોલીસ મથકે પતિ હરિશ સુદામ પાટીલ, સાસુ સરલા સુદામ પાટીલ, સસરા સુદામ મલજી પાટીલ (તમામ રહે.,ચલથાણ), નણંદ સંગીતા સમાધાન પાટીલ તથા માસી સાસુ અનિતા પાટીલ (બંને રહે.,અંકલેશ્વર) સામે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ જે.જી.ચૌધરીએ હાથ ધરી છે.

## નેત્રંગના મોરિયાણા ગામે પોલીસ પ્રોટેક્શન સાથે દબાણ દૂર કરાયું

**સ્કૂલ-કોલેજના** વિદ્યાર્થીઓ માટે બસ સ્ટેન્ડ ન હોવાની રજૂઆતો બાદ તંત્ર હરકતમાં આવ્યું


પ્રદીપ ગુર્જર

નેત્રંગઃ નેત્રંગના મોરિયાણા ગામ જ્યાં લાંબા સમયથી ચાલતાં ગેરકાયદે દબાણ પર ગ્રામ પંચાયત દ્વારા કડક હાથે કાર્યવાહી કરવામાં આવી છે.

નેત્રંગના મોરિયાણા ગામમાં સ્કૂલ અને કોલેજમાં અભ્યાસ અર્થે આવતા અનેક વિદ્યાર્થીઓ તથા ગ્રામજનો માટે એસ.ટી. બસ ઊભી રાખવાની યોગ્ય જગ્યા ન હોવાથી ભારે હાલાકી ભોગવવી પડતી હતી. આ અંગે સ્થાનિકો અને વિદ્યાર્થીઓ દ્વારા તંત્ર તેમજ ગ્રામ પંચાયતમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. રજૂઆતોને પગલે ધારાસભ્ય રીતેશ વસાવા દ્વારા ગત ૫ ઓક્ટોબર ૨૦૨૭ના રોજ નવું બસ સ્ટેશન બનાવવા માટે ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. પણ આ સ્થળ ઉપર આવેલું જૂનું બસ સ્ટેશન અને પાણીની પરબ પર ગેરકાયદે રીતે દબાણ ઊભું કરી દેવામાં આવ્યું હતું. આ બાબતને ગંભીરતાથી લઈને ગ્રામ પંચાયતની આગેવાની હેઠળ જાગૃત સરપંચ દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યાં હતાં. શનિવારે ઘટના સ્થળે ગામના સરપંચ રાજુ વસાવા અને પંચાયતની ટીમ સાથે પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો અને જેસીબી મશીનની મદદથી તમામ ગેરકાયદે દબાણો કાયદાકીય રીતે દૂર કરવામાં આવ્યાં હતાં. દબાણ દૂર થતાં જ હવે નવા બસ સ્ટેન્ડ અને વાહનવ્યવહાર માટે પૂરતી જગ્યા ઉપલબ્ધ થઈ છે, જેનાથી સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. તંત્રની આ બુલડોઝર કાર્યવાહીથી ગેરકાયદે દબાણ કરનારાં તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે

## જોલવામાં તરંગ વિજયાવટી ગોળીઓ સાથે એકની ધરપકડ



ભરૂચઃ વાગરા તાલુકાના જોલવા ગામે એન્ટી નાર્કોટિક્સ વિંગે (ANW) મોટી કાર્યવાહી કરી ફિલાટેક્સ ચોકડી પાસે આવેલી એક દુકાનમાંથી રૂ.૬.૭૦ લાખની કિંમતની ૧૩.૪૦૦ કિલો નશાકારક ‘તરંગ વિજયાવટી’ ગોળીઓ જપ્ત કરી છે. પોલીસે ઘટના સ્થળેથી દુકાનદાર ગોવિંદ શંકર રેબારીની ધરપકડ કરી મોબાઈલ સહિત કુલ રૂ.૬.૯૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ ગોળીઓ રાજસ્થાનથી સપ્લાય કરનાર દૂધારામને વોન્ટેડ જાહેર કરાયો છે. દહેજ પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ છે.

## ઝઘડિયામાં ચાર જુગારી ઝડપાયા

ઝઘડિયાઃ ઝઘડિયા પોલીસ પેટ્રોલિંગમાં હતી, ત્યારે શાંતિનગર ફળિયામાં જુગારની બાતમીના આધારે પોલીસે રેડ કરી ચારને ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓમાં સાહેબખાન પઠાણ (રહે.,સિનેમા ફળિયું), સની વસાવા (રહે.,મોહન ફળિયું), સુનીલ રાવળ (રહે.,હનુમાન ફળિયા) અને સંજય વસાવા (રહે.,મોહન ફળિયા, ઝઘડિયા)નો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી કુલ રૂ.૧,૭૮૧૦ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

## ગોડધા વિયરની ૨૦ દિવસમાં જ મરામત

**ખેડૂતો** માટે સિંચાઈ સુવિધા પુનઃ કાર્યરત કરાઈ


હિતેશ પટેલ

માંડવીઃ ગોડધા વિયર ખાતેથી નીકળતી અમલસાડી મુખ્ય નહેરનું શાખા-પ્રશાખા તથા માઈનોર-સબ માઈનોર સહિતનું કુલ આશરે ૧૨૯.૬૯ કિ.મી. લંબાઈનું કેનાલ નેટવર્ક માંડવી તથા અરેઠ તાલુકામાં વિસ્તરેલું છે. આ નેટવર્ક દ્વારા આશરે ૩૫ ગામોને સિંચાઈનો લાભ મળે છે. ગોડધા વિયર ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયો હતો. અંતે વિયરના બોડીવોલમાં ધોવાણ થતાં માત્ર ૨૦ દિવસના ટૂંકા સમયગાળામાં મરામત કરાઈ છે.

દક્ષિણ ગુજરાતમાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ અને વેર-વ્હાર નદીઓના સંયુક્ત પૂરપ્રવાહના કારણે માંડવી અને અરેઠ તાલુકાનાં આશરે ૩૫ ગામોને સિંચાઈ પૂરી પાડતો ગોડધા વિયર ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયો હતો. ડિઝાઈન ડિસ્ચાર્જ ૬૭,૨૦૦ ક્યુસેકના બદલે ૭૧,૦૦૦ ક્યુસેક જેટલો પ્રચંડ પ્રવાહ પસાર થતાં વિયરના બોડીવોલમાં આશરે ૫૩ મીટર લંબાઈ અને ૪.૫૦ મીટર ઊંડાઈ સુધી ભારે ધોવાણ થયું હતું.

આ નુકસાનના કારણે વિયરની સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી સામે જોખમ ઊભું થયું હતું. જો સમયસર મરામત ન થાય તો આગામી રવિ સિઝનમાં ૩,૫૫૮ હેક્ટર કમાન્ડ એરિયા તેમજ કાકરાપાર-ગોડધા-વડ યોજના હેઠળ આવતા ૨૦,૫૦૦ હેક્ટર વિસ્તારની સિંચાઈ વ્યવસ્થા ખોરવાઈ જાય તેમ હતી. ચોમાસામાં પૂરતો વરસાદ ન થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હતા. સ્થિતિની ગંભીરતાને ધ્યાને લઈ જળસંપત્તિ વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર કે.એચ. ચૌધરી અને મદદનીશ ઈજનેર એમ.જી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### છેડતીની રજૂઆત મળતાં તાપી ૧૮૧ અભયમ ટીમ મદદે પહોંચી

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાના એક ગામમાં છેડતીની રજૂઆત મળતાં તાપી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મહિલાને જરૂરી સહાય પૂરી પાડી હતી. મહિલાની રજૂઆત મુજબ તેઓ પોતાના ઘરે દુકાન ચલાવે છે. ગામનો એક વ્યક્તિ દુકાને વારંવાર આવી અયોગ્ય ટિપ્પણીઓ કરતો હોવા અંગે તેમણે રજૂઆત કરી હતી. વધુમાં ઘટના સમયે ઘરે એકલાં હતાં ત્યારે તે વ્યક્તિએ ઘરમાં પ્રવેશીને શારીરિક અડપલાં કર્યાં હોવાની રજૂઆત કરી હતી. ટીમે કુકરમુંડા પોલીસ સ્ટેશનમાં અરજી આપવા માટે સહાય કરી હતી. આ મામલે આગળની કાર્યવાહી પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવશે.

### કામરેજમાં બીમારીથી પરિણીતાનું મોત

કામરેજઃ કામરેજના નવી પારડી ગામે હિમાચલ ફળિયામાં રહેતી પરિણીતા રેખાબેન નીલેશભાઈ રાઠોડ (ઉં.વ.37)ને છેલ્લાં દસ વર્ષથી બીમારી હતી અને છેલ્લા એક વર્ષમાં બીમારી વધી જતાં પંદર દિવસથી નનસાડ ગામે ગીરનાર ફળિયામાં પિયરમાં રહેવા માટે આવ્યાં હતાં. શુક્રવારે બપોરે 1.30 કલાકે મોત નીપજ્યું હતું.

### અંકલેશ્વરમાં પિકઅપમાંથી MS સ્ક્રેપ ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર GIDC પોલીસે મિલકત સંબંધી ગુના અટકાવવાના પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે રાજપીપળા ચોકડી પાસેથી રૂ.૨,૨૦,૧૦૦ના મુદ્દામાલ સાથે એક બોલેરો પિકઅપ નં.(જીજે-૦૬-વીવી-૮૧૯૬) ઝડપી પાડી છે. તપાસ દરમિયાન વાહનમાંથી ૬૭૦ કિલો એમ.એસ. સ્ક્રેપ મળી આવ્યો હતો. વાહનચાલક સૈફ્યુદ્દીન અબ્દુલ કાદીર ચૌધરી સ્ક્રેપ અંગે કોઈ વૈધ આધાર-પુરાવા રજૂ કરી શક્યો ન હતો. આથી પોલીસે રૂ.૨૦,૧૦૦ની કિંમતનો સ્ક્રેપ અને રૂ.૨ લાખની બોલેરો પિકઅપ કબજે કરી શંકાસ્પદ માલ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### અંકલેશ્વરમાં હાર્ટ ચેકઅપ કેમ્પ યોજાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકા સંચાલિત ડિસ્પેન્સરી ખાતે ભરૂચની મેપલ હોસ્પિટલના સહયોગથી નિઃશુલ્ક હૃદયરોગ નિદાન અને સ્વાસ્થ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૫૦થી વધુ નાગરિકોએ ભાગ લઈને વિવિધ આરોગ્ય તપાસનો લાભ લીધો હતો. કેમ્પ દરમિયાન નાગરિકો માટે ECG, ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશરની તપાસ સહિતની આરોગ્ય સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

### સાયણમાં ગાંજા સાથે બે શખ્સ ઝડપાયા

સાયણઃ ઓલપાડ પોલીસની ટીમે સાયણ ટાઉનમાંથી રૂ.૮,૦૪,૯૫૦ની કિંમતના ૧૬.૦૯૯ કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે ઓરિસ્સાના બે શખ્સ કબિરાજ પ્રધાન અને પરમેશ્વર ગૌડાને ઝડપી પાડ્યા છે. પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે રેલવે સ્ટેશન પૂર્વ બ્રિજ પાસેથી મોપેડ પર આવેલા આ આરોપીઓને દબોચી લેવાયા હતા. પોલીસે ગાંજા ઉપરાંત મોબાઈલ અને મોપેડ સહિત કુલ રૂ.૮,૬૦,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાથમિક પૂછપરછમાં આ જથ્થો ઓરિસ્સાથી મોકલનાર કબિરાજનો ભાઈ ભગવાન પ્રધાન અને અન્ય એક અજાણ્યા શખ્સને પોલીસ દ્વારા વોન્ટેડ જાહેર કરાયા છે. ચારેય આરોપી સામે એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કોસમાડામાં બેંકનું સીલ તોડી ફ્લેટ ભાડે આપનારા ચાર સામે ગુનો નોંધાયો

કામરેજઃ સુરત કતારગામ નજીક જલદર્શન એપાર્ટમેન્ટમાં ફ્લેટ નં.205માં ભૂમિબેન અજયભાઈ દેસાઈ પરિવાર સાથે રહીને રાજકોટ નાગરિક બેંકની વરાછા શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે નોકરી કરે છે. વર્ષ 2018માં રાજકોટ નાગરિક બેંકની વરાછા શાખામાંથી કામરેજ તાલુકાના કોસમાડા ગામની હદમાં બ્લોક નંબર 158 સર્વે નંબર 133-1-1 ખાતે આવેલા સહજાનંદ હાર્મોની નામની પ્રોજેક્ટ બનાવવા બેંક દ્વારા સ્ટાર લાઈનર ડેવલોપર્સ, દિનેશ મગન બુટાણી, ચતુર મનજી માથુકીયા, ધીરૂ મનુ બુટાણી, ધનજી વાલજી દુધાત, દિપક લક્ષ્મણ બુટાણી, દિનેશ વલ્લભ કાબરીયા, અરવિંદ ખોડા લહેરી, સુરેશ મગન બુટાણી, રાજન મહેશ બુટાણી, રમેશ ધરમશી વસોયા, છગન નાનુ બુટાણી, વ્રજલાલ મધુભાઈ રામોલીયા, રસીક ભગવાન બોઘરા, મગન મોહન બુટાણી, હરેશ હિંમતલાલ ઓડવાડીયા, કાંતીલાલ કાનજી કથીરીયા,ભરત ગોરધન બુટાણી, કમલેશ જયંતી વસાણીએ રૂપિયા 30 કરોડની લોન લીધી હતી. બાદ લોન ભરવામાં નિષ્ફળ જતાં બેંક દ્વારા મિલકતને સીલ મારવામાં આવી હતી. સીલ મારેલા અમુક ફ્લેટોનાં તાળાં તોડી તેજશ વિનુ ગુંદરણીયા, ચેતન મગન બુટાણી, શૈલેષ લાલજી વાગડિયા, રમેશ ધરમશી વસોયા ગેરકાયદે પ્રવેશ કરી ફ્લેટમાં રહેવા લાગ્યા હતા. જેમના સામે અગાઉ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બાદ થોડા ફ્લેટોમાં રહેતા લોકોની પૂછપરછ કરતાં ગોરધન બુટાણી, શંભુ રવજી લાખાણી, હિતેશ જાનીએ ભાડેથી રહેવા માટે આપ્યુ હોવાથી તેમની સામે બેંક મેનેજરે ફરિયાદ નોંધાવી હતી.

### ઓલપાડમાં પ્રાથમિક શાળાઓનાં નવનિર્મિત મકાનોનું લોકાર્પણ

સાયણઃ રાજ્યના શિક્ષણ વિભાગ તથા સમગ્ર શિક્ષા દ્વારા ઓલપાડ તાલુકાના શિક્ષણ ક્ષેત્રે સુવિધાઓમાં વધારો કરતા એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તાલુકાની કરમલા પ્રાથમિક શાળા ખાતે ખાસ સમારોહ યોજીને રૂ.333 લાખના ખર્ચે તૈયાર થયેલ કરમલા, ભટગામ અને સિવાણ ગામની પ્રાથમિક શાળાઓનાં નવનિર્મિત આધુનિક મકાનોનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સરાહનીય લોકાર્પણ કાર્યક્રમ પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રી તથા ઓલપાડના ધારાસભ્ય મુકેશભાઈ પટેલના હસ્તે સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ બ્રિજેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્ય કિરણભાઈ પટેલ અને હેમંતભાઈ પટેલ, ઓલપાડ તાલુકા પંચાયતના પ્રમુખ પીયૂષભાઈ પટેલ, ઉપપ્રમુખ મેઘનાબેન પટેલ, શાસક પક્ષ નેતા કિરીટભાઈ પટેલ તથા સામાજિક ન્યાય સમિતિનાં અધ્યક્ષા નિરીક્ષાબેન રાઠોડ, સામાજિક અગ્રણી કુલદીપસિંહ ઠાકોર, સુનીલભાઈ પટેલ અને ભક્તિબેન ગોરાણી સહિત ઓલપાડ તાલુકા પંચાયતના સદસ્યો અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં.

### ભરૂચ જિલ્લામાં ૨૩મી ઓક્ટોબરે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો યોજાશે

ભરૂચઃ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભરૂચ દ્વારા તા.૨૩ ઓક્ટોબરે સવારે ૧૧ કલાકે આઈ.ટી.આઈ., ઝઘડિયા ખાતે ભરતીમેળાનું આયોજન કરાયું છે, જેમાં સુયોગ લાઇફ સાયન્સ પ્રા. લિ.-અંકલેશ્વર, રવિરત્ન મોટર્સ પ્રા. લિ-ભરૂચ, યુનિક ટેક્નો સર્વિસિસ પ્રા. લિ.-અંકલેશ્વર, સન ફાર્માસ્યુટિકલ ઇન્ડસ્ટ્રિઝ લિ.-અંકલેશ્વર, મહંસરીયા ટાયર્સ પ્રા. લિ.-પાનોલી, યુવાશક્તિ ફાઉન્ડેશન-વડોદરા, એલઆઈસી ઓફ ઇન્ડિયા-ભરૂચ, એમ.આર. એફ લિ.-દહેજ, બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ લિ.-ઝઘડિયા, રાહુલ ફેરોમેટ એન્ડ એન્જિનિયરિંગ પ્રા. લિ.-ઝઘડિયા દ્વારા એસ.એસ.સી., એચ.એસ.સી, આઈ.ટી.આઈ-(કોઇ પણ ટ્રેડ). ડીપ્લોમા/બી.ઈ.-કેમિકલ, બી.એસ.સી./ એમ.એસ.સી.-કેમિસ્ટ્રી, સ્નાતક-(કોઇ પણ ટ્રેડ) પાસ લાયકાત ધરાવતા ઉમેદવારોને ઉપસ્થિત રહેવા જાણ કરવામાં આવે છે.